CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

Year : 04, Dt. 01-11-2026 (SUNDAY) RNI No. GUJGUJ/2023/84789



પોલીસની રેડ દરમિયાન
હોટલમાંથી આશરે 75
સ્ત્રી–પુરુષો મળી આવ્યા

સરાઝા હોટેલમાં મધરાતે મદિરા અને મહેફિલનો ખેલ!

રાજકોટ મહાનગરપાલિકામાં મેનપાવર સપ્લાયર ગૌરવ અજમેરા અને તેમનાં પત્ની પણ પાર્ટીમાં હાજર હોવાની સૂત્રોની માહિતી

પાર્ટી માણનાર 35 જેટલા આયોજક સહિતના મહેમાન તેમજ 3 હોટલ સ્ટાફ વિરુદ્ધ ફરિયાદ



મનીષ વરમોરા
(વરમોરા ગ્રુપ)



ચિરાગ પટેલ
(ડેકોરા ગ્રુપ)



રાજકોટની કાલાવડ રોડ પર આવેલ સરાઝા હોટલમાં યોજાયેલ પાર્ટીમાં મોરબીના જાણીતા વરમોરા ગ્રુપના મનીષ વરમોરા અને મીરા વરમોરા પણ ઉપસ્થિત હતા.

લક્ઝરી કારોની લાઈન, ટેબલ પર સ્કોચ અને બીયરનાં ગ્લાસ!

■ ગૌરવ અજમેરા દારૂની પાર્ટીઓના શોખીન હોવાનો સૂત્રોની માહિતી

■ પોલીસે 92થી વધુ વ્યક્તિઓના બ્લડ સેમ્પલ કલેક્ટ કરાવ્યા

સરાઝા હોટેલમાં મધરાતે શું બન્યું?

પોલીસ રેડથી મેડિકલ તપાસ સુધીની સમયરેખા

1 **રાત્રે 12:00 વાગ્યે** સરાઝા હોટેલમાં દારૂ પાર્ટીનો વીડિયો પોલીસ સુધી પહોંચ્યો.



2 **રાત્રે 1:00 વાગ્યે** LCB ઝોન-2ની ટીમે હોટેલમાં રેડ કરી.



3 **રાત્રે 3:00 વાગ્યે** પોલીસ કાર્યવાહી દરમિયાન હોટેલની બહારની લાઈટ બંધ કરાઈ.



4 **રાત્રે 3:40 વાગ્યે** હોટેલની અંદર અને બહારની તમામ લાઈટો બંધ કરાઈ.



5 **રાત્રે 3:55 વાગ્યે** 33 મહિલાઓને મેડિકલ ટેસ્ટ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ.



6 **વહેલી સવારે 4:36 વાગ્યે** મહિલાઓ મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ પહોંચી.




7 **વહેલી સવારે 4:45 વાગ્યે** વિદેશી દારૂનો જથ્થો અને મુદ્દામાલ કબજે કરાયો.




8 **વહેલી સવારે 5:05 વાગ્યે** પોલીસે મીડિયા સમક્ષ સત્તાવાર વિગતો જાહેર કરી.





મોઢું છુપાવવા ખુરશીનાં કવર બાંધ્યાં




સોશિયલ મીડિયા પર વાયરલ થયેલુ ગેસ્ટ લિસ્ટ


- ચિરાગભાઈ અરવિંદભાઈ પટેલ
- નીખીલભાઈ જમનભાઈ પટેલ
- કૃણાલભાઈ કરણભાઈ અગ્રવાલ
- પલવભાઈ ધીરૂભાઈ માકડીયા
- મનીષભાઈ વલ્લભભાઈ પટેલ
- હિતભાઈ અનીલભાઈ પટેલ
- સ્મીતભાઈ મનસુખભાઈ રોજીવાડીયા
- રોહીતભાઈ મગનભાઈ સોનેપરા
- કૌશીકભાઈ પોપટભાઈ રાઠોડ
- ઉજાસભાઈ જમનભાઈ વાછાણી)
- ધર્મેશભાઈ રમણીકભાઈ પટેલ
- ગૌરવભાઈ હરીભાઈ પટેલ
- અભયભાઈ નરેન્દ્રભાઈ જાવીયા
- સુરજભાઈ રજનીકાંતભાઈ કાનાબાર
- વિહાનભાઈ ઉજાસાભઇ વાછાણી
- દેવભાઈ મિતુલભાઈ કાલરીયા
- વીરભાઈ મિતુલભાઈ કાલરીયા
- હાર્દિકભાઈ કિરીટભાઈ ગઢીયા
- જીજ્ઞેશભાઈ ભુદરજીભાઈ સંચાણીયા
- વિરેનભાઈ જયકુમાર તલસાણીયા
- ગૌરવભાઈ ધર્મેશભાઈ વીરડીયા
- હાર્દિકભાઈ અનીલભાઈ ઠક્કર
- વત્સલ દિપકભાઈ કારીયા
- હાર્દિકભાઈ પ્રફુલચંન્દ્રભાઈ ગોહિલ
- ભાર્ગવભાઈ ધર્મેશભાઈ પટેલ
- સંદિપભાઈ પાંચાભાઈ સોરઠીયા
- દેવાંશભાઈ કમલેશભાઈ શાહ
- ગૌરવભાઈ ધીરેનભાઈ અજમેરા
- કુશ સંજયભાઈ ભાડાણીયા
- કુશલભાઈ લક્ષ્મીદાસ ભાલોડીયા
- દિપકભાઈ અમૃતલાલ કોટક)
- અક્ષત શકિતભાઈ ગોયલ
- હિતેન્દ્રસિંહ પર્વતસિંહ ચૌહાણ
- મનપ્રીતસિંગ ધ્યાનસીંગ
- હર્ષવર્ધનસિંહ શંભુસિંહ ચૌહાણ








હાઇપ્રોફાઇલ પાર્ટી











મોંઘીદાટ કારોની લાઈન, પોલીસની હાજરીમાં હોટેલની લાઇટો બંધ

આ સમગ્ર ઘટનાની જાણ થતાં રાત્રે ૧:૩૦ વાગ્યે સ્થળ પર પહોંચેલી મીડિયા ટીમને હોટેલના પાર્કિંગમાં લક્ઝરી અને મોંઘીદાટ કારોની લાંબી લાઈન જોવા મળી હતી. આ દૃશ્ય પરથી પાર્ટીની ભવ્યતાનો અંદાજ આવી રહ્યો હતો. પોલીસની કાર્યવાહી શરૂ થતાં પહેલાં હોટેલની બહારની લાઇટો બંધ કરવામાં આવી હતી અને ત્યારબાદ અંદરની લાઇટો પણ બંધ કરી દેવાઈ હતી. આસપાસની અન્ય તમામ બિલ્ડિંગોમાં લાઇટો ચાલુ હોવા છતાં સરાઝા હોટેલમાં અંધારું કરી દેવાતાં સમગ્ર મામલે અનેક સવાલો ઊભા થયા હતા. બીજી તરફ, રાજકોટ અને મોરબીના જાણીતા વેપારીઓ તથા ઉદ્યોગપતિઓ આ પાર્ટીમાં હાજર હોવાની ચર્ચાએ પણ ભારે ચર્ચા જગાવી હતી.


દારૂ પાર્ટીમાં આવેલા નબીરાઓની મોંઘીદાટ કારમાં ઇન્સ્યોરન્સ થઈ ગયા હતા પૂરા : ટ્રાફિક મેમો બાકી હતા

- મોટાભાગની કારમાં ઇન્સ્યોરન્સ 2023, 2025 અને 2026માં પુરા થઈ ગયા હોવાનું આવ્યું સામે
- મર્શિડીઝ કારમાં નંબર પ્લેટ નથી તો પણ પોલીસે રોક્યા નહિ

નબીરાઓની મોંઘીદાટ કાર પોલીસ કેમ રોકી નહિ તે સવાલ

રાત્રે 12 વાગ્યે વીડિયો મળ્યો, 1 વાગ્યે પોલીસની એન્ટ્રી, સવારે 5 વાગ્યે અધિકારીઓએ ખોલ્યો સમગ્ર મામલો





સિટી ન્યૂઝ@રાજકોટ

૩૧ ઓક્ટોબરની રાત એટલે સરદાર જયંતિની ઉજવણીનો દિવસ. રાત્રે ૧૨ વાગતાં જ કેલેન્ડરમાં ૧ નવેમ્બર, ૨૦૨૬ની તારીખ થઈ હતી. આ જ સમયે પોલીસને એક વીડિયો મળ્યો હતો, જેમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની શંકા જણાતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસનો છેડો રાજકોટના કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટેલ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ LCB ઝોન-૨ની ટીમ હોટેલ પર પહોંચી હતી. હોટેલમાં તપાસ કરતાં મોટાભાગનાં ટેબલો પર મોંઘી કિંમતની બ્રાન્ડેડ સ્કોચ વ્હિસ્કી, બીયરના ટીન અને બીયરની બોટલો જોવા મળી હતી. કેટલાક ટેબલો પર દારૂ અને બીયર ગ્લાસમાં ભરીને પણ રાખવામાં આવ્યાં હતાં. જાણે દારૂબંધી ધરાવતા ગુજરાતમાં ખુલ્લેઆમ મદિરાપાનની મહેફિલ ચાલી રહી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

પોલીસે ત્યારબાદ કાર્યવાહી શરૂ કરી વિદેશી દારૂનો જથ્થો તેમજ ખાલી બોટલો કબજે કરી હતી. આ પાર્ટીમાં રાજકોટ અને મોરબીના જાણીતા ઉદ્યોગપતિઓ તથા નામાંકિત હસ્તીઓ હાજર હોવાની ચર્ચા પણ સામે આવી હતી. જોકે, પોલીસની કાર્યવાહી આગળ વધતાં અંધારાનો લાભ લેવા માટે પહેલાં હોટેલની બહારની અને ત્યારબાદ અંદરની લાઇટો બંધ કરી દેવામાં આવી હતી. આસપાસની અન્ય તમામ બિલ્ડિંગોમાં લાઇટો ચાલુ હોવા છતાં હોટેલની લાઇટો બંધ કરી દેવાતાં પોલીસની કાર્યવાહી અને હોટેલ સંચાલન અંગે અનેક સવાલો ઊભા થયા હતા. એટલું જ નહીં, આ કાર્યવાહી દરમિયાન કેટલાક નેતાઓના ફોન પણ ધણધણી ઊઠ્યા હોવાની ચર્ચા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે ડેકોરા ગ્રુપના ચિરાગ પટેલનો જન્મદિવસ આગામી ૧૨ નવેમ્બરે હોવાથી એડવાન્સમાં આ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં કુલ ૪૩ પુરુષ અને ૩૩ મહિલાઓ સહિત ૭૬ લોકો હાજર હતાં. હાજર લોકોમાં અંદાજે ૩૦ જેટલાં કપલ પણ હતાં. પોલીસની કાર્યવાહી બાદ તમામ મહિલાઓને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન કેમેરાથી બચવા અને પોતાની ઓળખ છુપાવવા માટે મહિલાઓએ મોઢા પર ટેબલ અને ખુરશીનાં કવર બાંધી દીધાં હતાં. હોટેલના પાર્કિંગમાં મોંઘીદાટ લક્ઝરી કારોની લાંબી લાઈન પણ જોવા મળી હતી. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ૯૨થી વધુ વ્યક્તિઓનાં બ્લડ સેમ્પલ પણ કલેક્ટ કરાવ્યાં છે.

આ અંગે DCP રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે આ પ્રકરણમાં કુલ ૩૮ આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તેમાં પાર્ટીમાં ભાગ લેનારા ૩૫ વ્યક્તિઓ અને હોટેલ મેનેજર સહિત હોટેલના ત્રણ સર્વિંગ સ્ટાફનો સમાવેશ થાય છે. પોલીસને તપાસ દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની ૭૫૦ MLની કુલ ૧૧ જેટલી વિદેશી દારૂની ખાલી અને ભરેલી બોટલો મળી આવી હતી. પોલીસે આ તમામ મુદ્દામાલ કબજે કરી લીધો છે. હાલ સીસીટીવી ફૂટેજ સહિત અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



પોલીસ કાર્યવાહી દરમિયાન પાર્ટીમાં હાજર ૩૩ મહિલાઓને મેડિકલ પરીક્ષણ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. રાત્રે ૩:૫૫ વાગ્યે મહિલાઓને પોલીસ સુરક્ષા હેઠળ હોસ્પિટલ લઈ જવાની કાર્યવાહી શરૂ થઈ હતી. આ દરમિયાન કેમેરામાં ચહેરો ન દેખાય અને ઓળખ છતી ન થાય તે માટે મહિલાઓએ મોઢા પર ટેબલ અને ખુરશીનાં કવર બાંધી દીધાં હતાં. ત્યારબાદ વહેલી સવારે ૪:૩૬ વાગ્યે મહિલાઓ સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ તપાસ માટે પહોંચી હતી. બીજી તરફ, હોટેલમાંથી વિદેશી દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી પૂર્ણ કરીને પોલીસ સવારે ૪:૪૫ વાગ્યે ત્યાંથી રવાના થઈ હતી.

વહેલી સવારે ૫:૦૫ વાગ્યે રાજકોટ પશ્ચિમ ઝોનના ACP બી.જે. ચૌધરીએ આ પ્રકરણની પ્રાથમિક સત્તાવાર વિગતો જાહેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચિરાગ પટેલનો જન્મદિવસ દિવાળી પર આવતો હોવાથી એડવાન્સમાં પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટીમાં કુલ ૭૬ લોકો હાજર હતાં. પોલીસ હોટેલમાં પહોંચી ત્યારે ટેબલો પર રાખેલા ગ્લાસમાં દારૂ ભરેલો હતો અને આસપાસ દારૂની ખાલી બોટલો પણ મળી આવી હતી. પોલીસને દારૂ સિવાય અન્ય કોઈ નશાકારક પદાર્થ મળી આવ્યો નથી. ACPએ વધુમાં જણાવ્યું હતું કે હાલ તમામ પાસાઓની તપાસ ચાલી રહી છે અને હોટેલ મેનેજર સામે પણ ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવશે. દારૂની વ્યવસ્થા હોટેલ સંચાલકો દ્વારા કરવામાં આવી હતી કે અન્ય કોઈએ કરી હતી, તે પણ તપાસનો વિષય છે. પાર્ટીમાં હાજર મોટાભાગના લોકો નશાની હાલતમાં હોવાની પ્રાથમિક આશંકા છે, પરંતુ કેટલા લોકોએ ખરેખર દારૂ પીધો હતો તે અંતિમ મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ કેસમાં પોલીસે ૯૨થી વધુ વ્યક્તિઓનાં બ્લડ સેમ્પલ કલેક્ટ કરાવ્યાં છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.